# આવકના દાખલા માટે રૂબરૂ હાજર રહેવાની જરૂર નથી

**અરજી** ફરજિયાત ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી કરવાની રહેશે

**ગ્રામ્ય** વિસ્તારમાં ટીડીઓ આવક પ્રમાણપત્ર આપશે

## હવે અરજદારે રૂબરૂ રહેવાની જરૂર નથી, ઓનલાઈન અરજી કરી શકશે

અગાઉ આવકના પ્રમાણપત્ર માટે ફોટો સાથેનો નમૂનો તેમજ તલાટી સમક્ષ રૂબરૂ હાજર રહી અરજી કરવાની જોગવાઈ હતી. અરજદારે સ્વકબૂલાતનામું આપવું તેમજ રૂબરૂ જવાબ આપવો ફરજિયાત હતો. પરંતુ હવે પ્રક્રિયાને સરળ બનાવવા માટે અગાઉ નક્કી કરાયેલ અરજીનો નમૂનો તથા પ્રમાણપત્રનો નમૂનો રદ કરવામાં આવ્યો છે. તેના સ્થાને નવા નમૂનાઓ નક્કી કરવામાં આવ્યા છે. અરજદારે આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી પડશે. સાથે સ્વ-ઘોષણા આપવી ફરજિયાત રહેશે. સરકારે વધુમાં સ્પષ્ટ કર્યું છે કે જો અરજદાર દ્વારા ખોટી વિગતો દર્શાવતી સ્વ-ઘોષણા આપવામાં આવશે તો તેની તમામ કાયદાકીય જવાબદારી અરજદારની રહેશે. આવકનું પ્રમાણપત્ર ડિજિટલ ઈ-સીલ તથા સિંગલ સાઈન ઓન (SSO) દ્વારા ઓથોરાઈઝ થયેલા અધિકારીનાં નામ અને હોદ્દા સાથે જ જારી કરવામાં આવશે.

સુરતઃ અરજદારોને આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે બિનજરૂરી હાલાકીનો સામનો ન કરવો પડે તેમજ પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓ પરનો વહીવટી બોજો ઘટાડવા માટે સરકાર દ્વારા આવકના પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા સરળ બનાવી તેને ડિજિટલ કરવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

સરકાર દ્વારા અગાઉના ઠરાવો અને પરિપત્રોની સમીક્ષા કર્યા બાદ નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. અગાઉ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોને આવકનાં પ્રમાણપત્ર આપવા માટે જુદા જુદા સત્તાધિકારીઓ નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ હવે તે સૂચનાઓ રદ કરવામાં આવી છે. નવા ઠરાવ મુજબ શહેરી વિસ્તારોમાં આવકનું પ્રમાણપત્ર આપવાની સત્તા મામલતદારને અને ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા વિકાસ અધિકારીને આપવામાં આવી છે. સરકારે આવકના પ્રમાણપત્રની માન્યતા અંગે પણ સ્પષ્ટતા કરી છે. જે નાણાકીય વર્ષમાં આવકનું પ્રમાણપત્ર જારી કરવામાં આવે તે વર્ષ સહિત કુલ ત્રણ નાણાકીય વર્ષ સુધી તે માન્ય રહેશે. જો આ સમયગાળા દરમિયાન અરજદાર અથવા તેના પરિવારની આવકમાં કોઈ ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાણ સંબંધિત સક્ષમ અધિકારીને કરવી અરજદારની જવાબદારી રહેશે. ઉપરાંત પ્રમાણપત્રમાં તેની માન્યતા કઈ તારીખ સુધી રહેશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં કરવો ફરજિયાત રહેશે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા અગાઉ ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે આવકના પ્રમાણપત્ર અંગે જાહેર કરાયેલ માર્ગદર્શક સૂચનાઓ યથાવત રહેશે. તેમજ નવા ઠરાવનો ઓનલાઈન અમલ સંપૂર્ણપણે શરૂ ન થાય ત્યાં સુધી હાલની વ્યવસ્થા ચાલુ રહેશે. સરકારના આ નિર્ણયથી આવકના પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા વધુ સરળ, પારદર્શક અને ઝડપી બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પાંચ દિવસના વિરામ પછી આજથી ફરી બોર્ડની પરીક્ષા

**ધો.10** બેઝિક ગણિત, ધો.12 સાયન્સમાં અંગ્રેજી (દ્વિતીય ભાષા) અને સામાન્ય પ્રવાહમાં સમાજ શાસ્ત્રનું પેપર

સુરતઃ રાજ્યમાં હાલ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે, પરંતુ ધુળેટીના તહેવારને કારણે વચ્ચે થોડા દિવસો માટે પરીક્ષાઓમાં વિરામ આપવામાં આવ્યું હતું. શનિવારથી બુધવાર સુધી કોઈપણ ધોરણની બોર્ડ પરીક્ષા યોજાઈ નહોતી, જેના કારણે વિદ્યાર્થીઓને લગભગ પાંચ દિવસનો વિરામ મળ્યો હતો.

હવે આ વિરામ પછી ફરી પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. શુક્રવારના રોજ ધોરણ-10ના વિદ્યાર્થીઓ માટે બેઝિક ગણિતનું પેપર લેવામાં આવશે.

આ સાથે ધોરણ-12 સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી (દ્વિતીય ભાષા)નું પેપર યોજાશે. તેમજ ધોરણ-12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ધુળેટીના તહેવારને ધ્યાનમાં રાખીને પરીક્ષાનું સમયપત્રક એવી રીતે ગોઠવાયું હતું કે વિદ્યાર્થીઓને તહેવાર દરમિયાન કોઈ પેપર ન આવે. આથી શનિવારથી બુધવાર સુધી કોઈ પરીક્ષા રાખવામાં આવી નહોતી.

# VNSGUમાં વહીવટી સ્ટાફ ભરતીની પરીક્ષા ફરી મુલતવી

**અન્ય** યુનિવર્સિટીની પરીક્ષા એક જ તારીખે આવતા ૮ માર્ચના બદલે હવે ૧૨ માર્ચે લેવાશે લેખિત પરીક્ષા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વહીવટી સ્ટાફની ભરતી પ્રક્રિયા હેઠળ યોજાનારી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખમાં ફરી એકવાર ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ૮ માર્ચના રોજ યોજાનારી પરીક્ષા હવે ૧૨ માર્ચ, ગુરુવારના રોજ લેવામાં આવશે. પરીક્ષા તારીખમાં વારંવાર ફેરફાર થવાથી પરીક્ષાર્થીઓમાં ચર્ચા જગાઈ છે.

યુનિવર્સિટી દ્વારા લેબોરેટરી ટેકનિશિયન (ભૌતિકશાસ્ત્ર), લેબોરેટરી આસિસ્ટન્ટ તેમજ જુનિયર ક્લાર્ક અને ટાઈપિસ્ટ સહિતની બિન-શૈક્ષણિક જગ્યાઓ માટે સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ભરતીની જાહેરાત કરવામાં આવી હતી.

આ ભરતી માટે મોટી સંખ્યામાં ઉમેદવારોએ અરજી કરી છે. પ્રારંભિક જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર આ પરીક્ષા ૨૮ ફેબ્રુઆરીએ યોજાવાની હતી. ત્યારબાદ યુનિવર્સિટીએ તારીખ બદલીને ૭ માર્ચ કરી હતી અને ત્યારપછી ફરી ૮ માર્ચ નક્કી કરવામાં આવી હતી. પરંતુ અન્ય યુનિવર્સિટીઓમાં યોજાનારી ભરતી પરીક્ષાઓની તારીખ સાથે અથડામણ થવાને કારણે ફરી એકવાર ફેરફાર કરવાની ફરજ પડી છે. હવે યુનિવર્સિટીએ અંતિમ રીતે આ પરીક્ષાઓ ૧૨ માર્ચે યોજવાનો નિર્ણય લીધો છે.

પરીક્ષાના કેન્દ્રો, સમય અને અન્ય જરૂરી માર્ગદર્શિકા અંગેની વિગતવાર માહિતી ટૂંક સમયમાં યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. યુનિવર્સિટીના સત્તાધીશો મુજબ પરીક્ષાર્થીઓને કોઈ અસુવિધા ન થાય અને વધુમાં વધુ ઉમેદવારો પરીક્ષામાં ભાગ લઈ શકે તે હેતુથી તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# BCGની ચૂંટણીમાં વકીલ ઝકી શેખને દ.ગુ.ના વકીલોના સમર્થનનો દાવો

**સીરિયલ** નં.82ના ઉમેદવાર ઝકી શેખના વેલફેરની રકમ, વકીલોની સલામતી, પાર્કિંગની સમસ્યા, કાઉન્સિલની કામગીરીનો વિસ્તારના નક્કર મુદ્દાઓનો વ્યાપક સ્વીકાર

**પ્રમાણિકતા,** સાદગી અને સતત મહેનત કરવાની સાથે વકીલ સમાજ પ્રત્યેની ઝકી શેખની પ્રતિબદ્ધતાને વકીલોએ સ્વીકારી



સુરતઃ આખા ગુજરાતના વકીલોને આવરી લેતી ગુજરાત બાર કાઉન્સિલની આવતીકાલે તા.6ઠ્ઠી માર્ચના રોજ ચૂંટણી છે ત્યારે આ ચૂંટણીમાં સુરતમાંથી મેદાને ઉતરેલા અનેક ઉમેદવારોમાં સૌથી યુવાન ઉમેદવાર તરીકે જાણીતા એડવોકેટ ઝકી મુખત્યાર શેખને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

સીનિયર ચંદ્રકાંત ગાંધી અને મનિષ ગાંધીના હાથ નીચે તૈયાર થયેલા ઝકી શેખના પિતા જાણીતા એડવોકેટ મુખત્યાર શેખ છે. જ્યારે તેમના ભાઈ યાહ્યા શેખ પણ જાણીતા એડવોકેટ છે. ભૂતકાળમાં સને 24-25માં ગુજરાત બાર કાઉન્સિલમાં કો-ઓપ. સભ્ય તરીકે શિસ્ત સમિતીમાં રહેનાર ઝકી શેખને રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી તેમજ વકીલ મિત્રો, સિનિયર એડવોકેટ્સ અને યુવા વકીલો દ્વારા છેલ્લા કેટલાક દિવસોમાં ઉત્સાહજનક અને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. ઝકી શેખની પ્રામાણિકતા, સાદગી, સતત મહેનત, અને વકીલ સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને ઘણા વકીલ મિત્રો દ્વારા તેમને સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું હોવાનું વકીલ આલમમાંથી જાણવા મળી રહ્યું છે.

પ્રચાર દરમિયાન ઝકી શેખ દ્વારા વકીલોના પાયાના પ્રશ્નો જેવા કે વકીલોને હાલમાં ગુજરાત બાર કાઉન્સિલમાંથી તેમના મોત બાદ મળતી વેલફેરની રકમ 35 વર્ષથી પ્રેક્ટિસ કરનાર અને જેને કાનૂની વારસદાર નથી તેવા વકીલોને મળેથી માંડીને વેલફેર ટિકિટ રદ કરવી, સરકાર પાસેથી દર વર્ષે 5 કરોડનું ભંડોળ લેવું, 65 વર્ષથી વધુની વય ધરાવતા વકીલોને વેલફેર ફીમાંથી મુક્તિ, વકીલોની સલામતી અને ગુનો નોંધતા પહેલા મંજૂરી, એડવોકેટને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર આપવાથી માંડીને હાઈકોર્ટમાં ડિજિટલ કામગીરીમાં વકીલોને પડતી મુશ્કેલી તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રક્રિયા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી પણ વિકશે વિગેરેને વકીલો દ્વારા વ્યાપક સમર્થન મળ્યું છે.

ઉપરાંત સુરત સહિતની તમામ કોર્ટોમાં પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવો, કોર્ટ કેમ્પસમાં નિર્ધારીત પાર્કિંગ ઝોન, બાર કોડ આધારીત એન્ટ્રી તેમજ જ્યાં શક્ય હોય ત્યાં સ્માર્ટ અથવા તો ડિજિટલ પાર્કિંગ સિસ્ટમ અમલમાં લાવવા માટે પણ વકીલો ઝકી શેખને સમર્થન આપી રહ્યા છે.

એડવોકેટ ઝકી મુક્તિયાર શેખ છેલ્લા ઘણા સમયથી વકીલ સમાજના પ્રશ્નો અને હિતોને ધ્યાનમાં રાખીને સતત કાર્યરત રહ્યા છે. તેમની સમર્પિતતા, કાર્યશૈલી અને સંવાદક્ષમતાને કારણે સમગ્ર ગુજરાતના વકીલ સમાજમાં તેઓ પ્રત્યે વિશ્વાસ અને આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વકીલ ઝકી શેખ દ્વારા પોતાને મળેલા પ્રતિસાદનો આભાર વ્યક્ત કરવાની સાથે સાથે આવતીકાલની ચૂંટણીમાં તેમને મતપત્રકમાં સીરિયલ નં. ૮૨ પર પ્રથમ પસંદગીનો મત આપીને સમર્થન આપવાની અપીલ પણ કરવામાં આવી છે.

# ઉધના રેલવે સ્ટેશને છૂટા પડી ગયેલા કિશોરનું પરિવાર સાથે મિલન કરાવાયું

**કિશોર** કાકા સાથે બિહાર જવા માટે નીકળ્યો હતો, શી ટીમે પૂછપરછ કરી પિતાનો સંપર્ક કર્યો



સુરતઃ હોળીના તહેવાર નિમિત્તે કાકા સાથે વતન બિહાર જવા નીકળેલો 14 વર્ષીય કિશોર ઉધના રેલવે સ્ટેશન પર પરિવારથી વિખુટો પડી ગયો હતો. સુરત રેલવે પોલીસે જેને સુરત રેલ્વે પોલીસે સુરક્ષિત રીતે તેના પિતા સાથે મિલન કરાવ્યું હતું.

મળતી માહિતી મુજબ, ગત તા. ૧૬/૦૨/૨૦૨૬ના રોજ ઉધના આઉટ પોસ્ટ ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ નરસિંહભાઈ કરણાભાઈને એક બાળક મળી આવ્યો હતો.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ૧૪ વર્ષીય રાહુલ (નામ બદલ્યું છે) તેના કાકા સાથે વતન બિહાર જવા માટે ઉધના સ્ટેશન આવ્યો હતો. કાકા અને પરિવારના અન્ય સભ્યો ટ્રેનમાં ચડી ગયા હતા, પરંતુ રાહુલ વોશરૂમ ગયો હોવાથી ટ્રેન ચૂકી ગયો હતો અને પ્લેટફોર્મ પર એકલો રહી ગયો હતો. આ અંગેની જાણ થતાં સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ શી-ટીમ દ્વારા બાળકને ચાઇલ્ડ કોર્નરમાં લાવી પ્રેમપૂર્વક પૂછપરછ કરતા તેણે પોતાનું વતન બિહાર હોવાનું જણાવ્યું હતું, પરંતુ તેની પાસે પરિવારનો કોઈ સંપર્ક નંબર નહોતો. પોલીસે તુરંત બિહાર પોલીસનો સંપર્ક કરી બાળકના ફોટા અને વિગતો શેર કરી હતી. તપાસના અંતે બાળકના પિતાનો સંપર્ક થતા તેઓ બિહારથી સુરત દોડી આવ્યા હતા.

બાદમાં રાહુલના આધાર-પુરાવાઓની ચકાસણી કર્યા બાદ રેલવે પોલીસે બાળકનો કબજો તેના પિતાને સોંપ્યો હતો.

# VNSGUમાં બે નવા એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ રચવાની ભલામણ

**મેડિકલ** લેબોરેટરી સાયન્સ અને ન્યુટ્રિશન એન્ડ ડાયટેટિક્સના નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સૂચન

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આજ રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં બે નવા એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ રચવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી છે. આરોગ્ય ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે લાગુ થયેલા નવા અભ્યાસક્રમોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

મળતી માહિતી મુજબ, નેશનલ કમિશન ફોર અલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન દ્વારા આરોગ્યસંબંધિત અભ્યાસક્રમોમાં ફેરફારો કરવામાં આવ્યા છે. આ પરિપત્રોના અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં હાલમાં ચાલતા બીએસસી મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી અભ્યાસક્રમના સ્થાને NCAHP દ્વારા જાહેર કરાયેલા બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ અભ્યાસક્રમ શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ માટે ફેકલ્ટી ઓફ મેડિસિન હેઠળ એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ મેડિકલ લેબોરેટરી સાયન્સની રચના કરવા માટે બોર્ડ ઓફ ડીન્સની તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની બેઠકમાં ઠરાવ ક્રમાંક ૦૯થી કરાયેલી ભલામણને એકેડેમિક કાઉન્સિલે સ્વીકારી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મોકલવાનો નિર્ણય લીધો છે.

તે જ રીતે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલી રહેલા બી.એસસી. હોમ સાયન્સ (ફુડ સાયન્સ એન્ડ ન્યૂટ્રીશન) અભ્યાસક્રમના સ્થાને NCAHP દ્વારા જાહેર કરાયેલ બેચલર ઓફ ન્યૂટ્રીશન એન્ડ ડાયેટ અભ્યાસક્રમ શરૂ કરવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અભ્યાસક્રમને અમલી બનાવવાના હેતુસર ફેકલ્ટી ઓફ મેડિસિન હેઠળ એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ- ન્યૂટ્રીશન એન્ડ ડાયેટ્સ રચવાની ભલામણ બોર્ડ ઓફ ડીન્સની તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની બેઠકમાં ઠરાવ ક્રમાંક ૧૦થી કરવામાં આવી હતી. એકેડેમિક કાઉન્સિલે આ બંને ભલામણોને મંજૂરી આપી અંતિમ નિર્ણય માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ મોકલવાનો નિર્ણય કર્યો છે. યુનિવર્સિટી વર્તુળોમાં માનવામાં આવે છે કે નવા રાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ અભ્યાસક્રમ અમલમાં આવવાથી વિદ્યાર્થીઓને આરોગ્યક્ષેત્રમાં વધુ વ્યાવસાયિક તક મળશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### હોર્મુઝ માત્ર અમેરિકા...

જોવા મળશે, તેમના પર ચોક્કસપણે હુમલો કરવામાં આવશે.'' સરકારી પ્રસારણકર્તા આઈઆરઆઈબી મુજબ, આઈઆરજીસીએ કહ્યું, ''અમે અગાઉ પણ કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને ઠરાવોના આધારે, યુદ્ધના સમયમાં ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાના માર્ગને નિયંત્રિત કરવાનો અધિકાર રહેશે.

### આઝારબૈજાનમાં...

જ્યારે બીજું ડ્રોન એક શાળાની બાજુમાં આવીને પડ્યું હતું. આ એરપોર્ટ ઈરાની સરહદથી લગભગ છ માઈલ દૂર આવેલું છે અને આ હુમલાઓમાં ચાર લોકો ઘાયલ થયા છે. આઝારબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલીયેવે ઈરાન પર 'આતંકવાદ'નો આરોપ લગાવ્યો અને વળતો પ્રહાર કરવાની ધમકી આપી છે. બીજી તરફ, તેહરાને આ આરોપને નકારી કાઢ્યો છે અને આઝારબૈજાનના સાથી દેશ ઈઝરાયેલ પર ઉશ્કેરણી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે.

### બિહારમાં નીતીશ...

અને તે વિશ્વાસના બળે જ અમે પૂર્ણ સમર્પણ સાથે બિહાર અને તમારી સેવા કરી છે. તમારા વિશ્વાસ અને સમર્થનની શક્તિ છે કે આજે બિહાર વિકાસ અને ગૌરવના નવા પરિમાણ પ્રસ્તુત કરી શક્યું છે. કુમારે કહ્યું કે તેમની સંસદીય સફરની શરૂઆતથી જ તેઓ બિહાર વિધાનમંડળના બંને ગૃહો તેમજ સંસદના બંને ગૃહોના સભ્ય બનવા માંગતા હતા. તેમણે વધુમાં જણાવ્યું, ''હું તમને પૂરી પ્રામાણિક્તા સાથે ખાતરી આપવા માંગુ છું કે તમારી સાથે મારો સંબંધ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે અને વિકસિત બિહાર બનાવવા માટે તમારી સાથે મળીને કામ કરવાનો મારો સંકલ્પ અટલ રહેશે. નામાંકન પ્રક્રિયા દરમિયાન તેમની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા,

### *નીતિશના પુત્રને પક્ષમાં લાવવાની હિલચાલ*

*દરમિયાન, એનડીએ (NDA) ના સૂત્રોએ જણાવ્યું હતું કે કુમાર મુખ્યમંત્રી પદ છોડે તે પહેલા થોડા અઠવાડિયાનો સમય લાગશે. તેઓ સંસદ સભ્ય તરીકે શપથ લેવા દિલ્હી જતા પહેલા આ પદ સંભાળી શકે છે. આ સમયગાળા દરમિયાન, જેડી(યુ) દ્વારા કુમારના એકમાત્ર પુત્ર નિશાંતને પાર્ટીમાં વિધિવત સામેલ કરવામાં આવે તેવી અપેક્ષા છે. કેટલાક નેતાઓ માને છે કે પાર્ટીને વિખેરાતી બચાવવા માટે તેમનો રાજકારણમાં પ્રવેશ અનિવાર્ય હતો.*

### મુખ્યમંત્રીપદ માટે...

*પોર્ટફોલિયો સાથે નાયબ મુખ્યમંત્રી છે. તેઓ કોએરી (ઓબીસી) જ્ઞાતિના છે. બીજું નામ કેન્દ્રીય રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયનું છે, જેઓ સંઘ પરિવારના પીઢ નેતા છે અને અયોધ્યા આંદોલન દરમિયાન એબીવીપીના સક્રિય કાર્યકર તરીકે ઉભરી આવ્યા હતા.*

### ચીને સંરક્ષણ...

કરી રહી છે. બીજી તરફ, ચીનનો સંરક્ષણ ખર્ચ, જે અમેરિકા પછી બીજા ક્રમે છે, તે વર્ષોથી સતત વધી રહ્યો છે. આના કારણે ભારત અને અન્ય પડોશી દેશો પર આર્થિક પડકારો હોવા છતાં તેમના સંરક્ષણ બજેટમાં વધારો કરવા માટે ભારે દબાણ આવી રહ્યું છે. ભારતનું આ વર્ષનું 7.85 લાખ કરોડ રૂપિયાનું સંરક્ષણ બજેટ ડોલરના સંદર્ભમાં 86 અબજ ડોલર જેટલું હતું. તેની સરખામણીમાં ચીનનો સંરક્ષણ ખર્ચ ભારત કરતા ત્રણ ગણાથી પણ વધુ છે.

### અમેરિકાએ શ્રીલંકાના કાંઠે...

આવ્યું હતું. આ હુમલો ગલ્ફથી સેંકડો માઈલ દૂર હિંદ મહાસાગરમાં થયો હતો, જ્યાં અમેરિકી અને ઈઝરાયેલના દળો ઈરાન પર હુમલો કરી રહ્યા છે અને તેહરાન મિસાઈલ તેમજ ડ્રોન હુમલાઓ દ્વારા વળતો પ્રહાર કરી રહ્યું છે. પેન્ટાગોન ખાતે અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે, એક અમેરિકન સબમરીને તે ઈરાની યુદ્ધજહાજને ડૂબાડી દીધું જે પોતાને આંતરરાષ્ટ્રીય જળસીમામાં સુરક્ષિત માની રહ્યું હતું. તેના બદલે, તે ટોર્પિડો દ્વારા ડૂબાડી દેવામાં આવ્યું. શાંત મૃત્યુ. એમ હેગસેથે કહ્યું હતું. શ્રીલંકાના સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, અન્ય 32 લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે, જ્યારે જહાજ પર સવાર અંદાજે 180 લોકોમાંથી લગભગ 60 લોકો હજુ પણ લાપતા છે. ઈરાને આ ઘટના અંગે કહ્યું છે કે અમારા જહાજને ડૂબાડી દેવા અંગે અમેરિકા સખત રીતે પસ્તાશે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળનું મહેમાન એવું આ જહાજ ૧૩૦ નૌસૈનિક સાથે પ્રવાસ કરી રહ્યું હતું.

### શ્રીલંકાએ બીજા ઈરાની...

'આઈઆરઆઈએનએસ બુશેહર' નામના આ જહાજે એન્જિનમાં ખામી હોવાનું કારણ આપીને શ્રીલંકાના જળસીમામાં પ્રવેશવા માટે પરવાનગી માંગી હતી. દિસાનાયકેએ કહ્યું હતું કે, ''અમે માનવતાવાદી પ્રતિભાવ આપતી વખતે તટસ્થ રહેવા માંગતા હતા.'' દિસાનાયકેએ ઉમેર્યું હતું કે, શ્રીલંકાની ભૂમિકા આ સંઘર્ષમાં સામેલ એક પક્ષની વિનંતીનો પ્રતિસાદ આપવા પૂરતી મર્યાદિત હતી. રાષ્ટ્રપતિએ કહ્યું, ''કોઈનું મૃત્યુ ન થવું જોઈએ. દરેક જીવન કિંમતી છે.''

### ઈરાનનો બદલોઃ...

અમેરિકી જહાજમાં આગ લાગી હતી.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ઈરાની વિદેશ મંત્રીએ ચેતવણી આપી છે કે શ્રીલંકાના કિનારે આઈઆરઆઈએસ ડેના પર બુધવાર રાત્રે થયેલા હુમલા માટે અમેરિકાને 'ખૂબ પસ્તાવો' થશે.

આ હુમલો ઈરાની સેના આઈઆરજીસીના એક નિવેદન બાદ તરત જ થયો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે હોર્મુઝ ખાડીમાંથી જહાજોની અવરજવર તેના નિયંત્રણમાં રહેશે.

### તેલ જહાજોને વિમા...

તેટલો ક્રૂડ ઓઇલનો સ્ટોક ઉપલબ્ધ છે, જે પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણ બનાવવા માટેનો કાચો માલ છે અને તેટલા જ દિવસોનો તૈયાર ઈંધણનો સ્ટોક પણ છે.

પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધને કારણે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતી ટેન્કરોની અવરજવર ખોરવાઈ ગઈ છે. આ એક સાંકડો દરિયાઈ માર્ગ છે જે વિશ્વના લગભગ પાંચમા ભાગનું તેલ અને મોટા પ્રમાણમાં લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG)નું વહન કરે છે. અધિકારીએ જણાવ્યું હતું કે, અમે અત્યારે આરામદાયક સ્થિતિમાં છીએ. તેમણે ઉમેર્યું કે અન્ય માર્ગો પરથી તેલનો પ્રવાહ ચાલુ છે અને ભારત પશ્ચિમ આફ્રિકા, લેટિન અમેરિકા અને અમેરિકાના સપ્લાયર્સનો સંપર્ક કરી રહ્યું છે જેથી પુરવઠામાં થતી કોઈ પણ ઘટને પૂરી કરી શકાય.

### અદાણી-ટોટલ ગેસે...

પરિવહન ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને તેહરાનના વળતા પ્રહાર બાદ લગભગ ઠપ થઈ ગયું છે. કતારનો LNG પ્લાન્ટ પણ ડ્રોન અને મિસાઈલ હુમલાની ઝપેટમાં આવ્યા બાદ બંધ કરી દેવામાં આવ્યો છે. ઈરાન અને ઓમાન વચ્ચેના આ સાંકડા જળમાર્ગ દ્વારા શિપિંગ અસરકારક રીતે બંધ હોવાથી ભારતીય ખરીદદારો કતારમાં જહાજો મોકલી શક્યા નથી.

ભારતના સૌથી મોટા ગેસ સપ્લાયર 'કતારએનર્જી' તરફથી LNG પુરવઠો ખોરવાતા અનેક ઔદ્યોગિક વપરાશકર્તાઓ અને સિટી ગેસ વિતરણ કંપનીઓ પર સપ્લાય કાપ લાદવામાં આવ્યો છે. આ કાપથી પ્રભાવિત ગ્રાહકો હવે વૈકલ્પિક ઈંધણ તરફ વળી રહ્યા છે જેનો ખર્ચ સામાન્ય દર કરતા બમણાથી વધુ છે. કંપનીએ આ તીવ્ર ભાવવધારા અંગે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, તાજેતરની ભૂરાજકીય ગતિવિધિઓને કારણે LNG સપ્લાય રૂટ પ્રભાવિત થયો છે, જેનાથી ATGL ને મળતા ગેસમાં ઘટાડો થયો છે અને કાર્યકારી મર્યાદાઓ ઊભી થઈ છે.

### ઇંગ્લેન્ડને સાત રને...

છગ્ગા અને આઠ ચોગ્ગાની મદદથી 89 રન બનાવ્યા. તેણે ઈશાન કિશન સાથે બીજી વિકેટ માટે 45 બોલમાં 97 રન અને શિવમ દુબે સાથે ત્રીજી વિકેટ માટે 22 બોલમાં 43 રન ઉમેર્યા. હાર્દિક પંડ્યાએ 12 બોલમાં 27 અને તિલક વર્માએ 7 બોલમાં 21 રન કરીને ભારતને ૨50 રનની પાર પહોંચાડ્યું. ભારતની ઇનિંગમાં 19 છગ્ગાનો સમાવેશ થતો હતો, જે ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શુભપ્રસંગોમાં પનીરથી...

S.O.G. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને ફૂડ એન્ડ સેફ્ટી વિભાગે સંયુક્ત દરોડા પાડીને 'એનાલોગ પનીર'ના નામે ચાલતા મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી ૧૪૦૧ કિલોગ્રામ શંકાસ્પદ પનીર અને અદ્યતન મશીનરી સહિત કુલ રૂ. ૨૮,૪૪,૧૭૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

S.O.G.ની ટીમને બાતમી મળી હતી કે પાંડેસરાની ભીડભંજન સોસાયટીના ગાળા નંબર-૨૭૮માં માનવ આરોગ્ય સાથે ચેડાં કરી ગેરકાયદેસર રીતે પનીર બનાવવામાં આવી રહ્યું છે. આ બાતમીને આધારે ફૂડ સેફ્ટી ઓફિસર જે.એસ. દેસાઈ અને ટી.એસ. પટેલની ટીમને સાથે રાખી પોલીસે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન કારખાનામાં મોટા પાયે બિન-બ્રાન્ડેડ લૂઝ પનીરનો જથ્થો મળી આવતા અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ફૂડ વિભાગ દ્વારા પનીરના નમૂના લઈ પૃથ્થકરણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. રિપોર્ટમાં જો પનીર આરોગ્ય માટે જોખમી સાબિત થશે, તો સંચાલક વિરુદ્ધ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

### ANALOGUE PANEER શું હોઈ છે

આ પનીર બનાવવા દૂધનો પાવડર,દલાડા ઘી અને પામોલિન મિશ્રણ થી બનાવવામાં આવતું હોય છે.જે પનીર માટે ભાગે હોટેલ અને મોટા પ્રસંગોમાં વાપરવામાં આવે છે. ખરેખર આ પનીર દૂધ માંથી બનાવવામાં નથી આવતું. પરંતુ આવું પનીર જ્યારે હોટેલ માલિકો કે લગ્ન પ્રસંગે માટે આપવામાં આવે ત્યારે આવી કોઈ સ્પષ્ટતા કરવામાં આવતી નથી.આ પનીર શરીર માટે પણ હાનિકારક છે અને કેન્સર જેવા જીવલેણ રોગોને આમંત્રે છે.

### 'એનાલોગ...

કિલોના ભાવે વેચતો હતો. શુદ્ધ પનીર કરતા ભાવ ઓછા હોવાને કારણે અનેક વેપારીઓ તેની પાસેથી માલ લેતા હતા. સ્થળ પરથી આવા 3000 સ્ટીકરો અને ૧૦૦૦ પ્લાસ્ટિકની થેલીઓ પણ મળી આવી છે.

### સુરતમાં તાપીમાં...

આર્થિક મદદ કરતા હતા. ઘર નજીક ધૂળેટી રમ્યા બાદ જયદીપ, નિતીન અને નિતીનનો અન્ય 16 વર્ષીય મિત્ર ક્રિષ્ના ગૌતમ ચૌહાણે તાપી નદીમાં ન્હાવાનો પ્લાન બનાવ્યો હતો. ત્રણેય જણા એક બાઈક પર સરથાણા પ્રાણી સંગ્રહાલયની પાછળ તાપી નદીના કિનારે પહોંચ્યા હતા. ત્યાં પહેલાં ત્રણેયે એકબીજા પર રંગ નાખીને ધૂળેટી રમી હતી. ત્યારબાદ તાપી નદીના પાણીમાં ન્હાવા ઉતર્યા હતા. જયદીપ અને ક્રિષ્ના ઊંડા પાણીમાં જતાં ગરકાવ થઈ ગયા હતા. નિતીને બંનેને ડૂબતા જોઈ ગભરાઈ ગયો હતો અને તે તાત્કાલિક પાણીમાંથી બહાર આવીને બૂમો પાડી લોકોને બોલાવ્યા હતા. તેમજ તેએ 112 નંબર પર ફોન કરી પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક લોકો અને સંબંધીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રાત્રે આશરે 8 વાગ્યે ફાયર વિભાગની ટીમે જયદીપનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. તેમજ 24 કલાક બાદ પણ ક્રિષ્નાની શોધખોળ ચાલુ છે.

### અન્ય વધુ એક ઘટના બની

આ જ દિવસે તાપી નદીમાં બીજી એક કરુણ ઘટના બની હતી. મોટા વરાછા વકીલ ફળિયામાં રહેતા મૂળ નેપાળના 30 વર્ષીય નવીન પદમ પરિહાર હોળી રમ્યા બાદ સાંજે મોટા વરાછા મંત્રા હાઈટ્સની સામે તાપી નદીમાં ન્હાવા ગયા હતા. તેઓ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા. ફાયર વિભાગે તેમનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. નવીન પાણીની ડિલિવરી બોય તરીકે કામ કરીને પત્ની અને એક બાળકનું ગુજરાન ચલાવતા હતા.

### સીમલથુ ગામે તળાવમાં ડૂબી જવાથી એકનું મોત

કીમઃ ઓલપાડના સીમલથુ ગામે ધુળેટીના દિવસે તળાવમાં નાહવા પડેલા કામરેજના ૩૮ વર્ષીય જીતેશભાઈ રાઠોડનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. ૪ માર્ચે બપોરે 3 મિત્રો સાથે નાહવા ગયેલા જીતેશભાઈ રહસ્યમય રીતે લાપતા થયા હતા. તળાવ કિનારેથી તેમનો સામાન મળી આવતાં શોધખોળ હાથ ધરાઈ હતી. ઘટનાની જાણ થતા ૧૧૨ પર ફોન કરીને ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી. સુરત એસએમસી ફાયર ટીમ દ્વારા રાત્રે મોડે સુધી શોધખોળ હાથ ધરાઈ હતી, પરંતુ તે સમયે યુવકનો પત્તો લાગ્યો નહોતો. બીજા દિવસે સવારે ગ્રામજનોને તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. કીમ પોલીસે અકસ્માતે મોતના ગુના હેઠળ તપાસ શરૂ કરી છે.

### ધો.10નો...

તેના પિતા દુબઈમાં કામ કરે છે, જ્યારે માતા હીરાના કારખાનામાં કામ કરે છે. આ ઘટનાએ પરિવારને ભારે આઘાત પહોંચાડ્યો છે.

### કીમ નદીમાં...

રજા હોવાથી ધુળેટી રમ્યા બાદ પાનસરાની હદમાંથી પસાર થતી કીમ નદીમાં નાહવા પડ્યા હતા. જો કે, નદીના પાણીના પ્રવાહ અને ઊંડાઈનો અંદાજ ન આવતાં ત્રણેય મિત્રો જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ બાબતે સ્થાનિકો દ્વારા જાણ કરાતાં પાલોદ પોલીસ ચોકીનો સ્ટાફ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયરની ટીમે ભારે જહેમત બાદ ગણતરીના કલાકોમાં જ ત્રણેય યુવાનોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. પોલીસે લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હતી. આ મામલે પાલોદ પોલીસ ચોકીના જમાદાર અશોકભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### મીંઢોળા નદીમાં...

મોત નીપજ્યાં હતાં. જ્યારે એક યુવાનને સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી આબાદ બચાવી લીધો છે. હસતા-રમતા ચાર યુવાનોના અકાળે અવસાનથી પરિવારોમાં ભારે આક્રંદ અને સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ગત ૪ માર્ચે બપોરે કેટલાક મિત્રો બાબેન તળાવ પાસે ધુળેટીની ઉજવણી કરવા માટે ભેગા થયા હતા. ધુળેટી રમ્યા બાદ તમામ મિત્રો નાહવા માટે ઇસરોલીની સીમમાં અલનુર સોસાયટી પાછળ આવેલી મીંઢોળા નદીના ઓવારે ગયા હતા. નદીમાં પાણીના ઊંડાણનો અંદાજ ન આવતાં પાંચેય મિત્રો ડૂબવા લાગ્યા હતા, જેમાં ૨૪ વર્ષીય ભુમીત દીપકભાઈ મિસ્ત્રી, ૨૧ વર્ષીય અભિષેક ઈશ્વરભાઈ ચૌધરી, ૨૧ વર્ષીય કેશવ ઉર્ફે સાગર પાંડુરંગ સોનવણે અને નીલસિંહ દિલીપસિંહ સોલંકી પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બચાવ કામગીરી દરમિયાન નીલસિંહના સગાભાઈ દર્શનસિંહ સોલંકીને ત્યાં હાજર લોકોએ હેમખેમ બહાર કાઢી લીધો હતો, પરંતુ અન્ય ચારેય મિત્રો જળસમાધિ લઈ ચૂક્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતાં જ બારડોલી ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને શોધખોળની કામગીરી શરૂ કરી હતી. કમનસીબે તમામ ચાર યુવકના એક પછી એક મૃતદેહ મળી આવતાં સ્થળ પર પરિવારજનોએ આક્રંદ મચાવ્યું હતું. 21થી 24 વર્ષના નવયુવાનોનાં મોતને લઈને સમગ્ર બારડોલી પંથકમાં માતમ છવાઈ ગયો હતો.

### પોલીસ પુત્ર...

બહાર આવતાં પોલીસ પરિવારમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. કેશવ બારડોલીની વિદ્યાભારતી કોલેજમાં ફાર્મસીનો અભ્યાસ કરતો હતો. તેવી જ રીતે અન્ય મૃતક અભિષેક ઈશ્વરભાઈ ચૌધરીના કિસ્સામાં વધુ એક કરુણતા સામે આવી છે. અભિષેક બારડોલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો અને તાજેતરમાં જ પોલીસ ભરતીની શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયો હતો. પિતાની છત્રછાયા ગુમાવનાર અભિષેક તેની માતાનો એકમાત્ર સહારો હતો, જેણે હવે પોતાનો વહાલસોયો પુત્ર ગુમાવતાં માતાની હાલત અત્યંત દયનીય બની છે.

### આજે BCGની...

ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. બીસીજીની ચૂંટણી લડવા માટે સુરતના વકીલોમાં રાફડો ફાટ્યો હતો. ત્યારબાદ સિનિયર વકીલોની હિતવર્ધક સમિતિની સમજાવટથી ઘણા વકીલોએ ઉમેદવારી નોંધાવી ન હતી ગુજરાત બાર કાઉન્સિલમાં કુલ 23 બેઠકોની ચૂંટણી માટે કુલ 99 ઉમેદવારે ઉમેદવારી કરી છે આ કુલ બેઠકો માં પાંચ બેઠકો મહિલા અનામતની બેઠક છે. સુરતના 11 વકીલોએ ઉમેદવારી નોંધાવી છે. આ તમામ ઉમેદવારે પોતાના પક્ષમાં મતદાન કરાવવા માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો.સોશિયલ મીડિયા ના માધ્યમ નો ઉપયોગ સાથે ડિનર પાર્ટી,ગ્રુપ બેઠકો યોજી પ્રચાર કર્યો હતો.આ વકીલ ઉમેદવારોએ પોતાના એજન્ડા પણ બહાર પાડ્યો હતો. આવતીકાલે તા. છઠ્ઠી માર્ચે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે બીસીજીના સુરત ખાતેના ચૂંટણી અધિકારી કમલનયન અસારાવાલાએ જણાવ્યું હતું કે સવારે 10 થી 6 દરમિયાન સુરત બિલ્ડીંગ ના રૂમ નંબર પાંચમાં મતદાન યોજાશે. બીસીજી દ્વારા ૧૫ મતદાન પેટી આવી ગઈ છે, ત્યારે મતદાનના દિવસે વહેલી સવારે બીસીજીના પ્રતિનિધિ મતદાન પત્રક લઈને આવશે. આ વખતે મતદાન સ્થળે 16 જેટલા સીસીટીવી ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. સુરત જિલ્લા વકીલ મંડળના કુલ ૮૫૪૦ વકીલ સભ્યો મતદાનનો ઉપયોગ કરશે. શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન થાય એ માટે બીસીજીની પાંચ સભ્યોની ટીમ પણ સુરત આવી ગઈ છે. હવે જોવાનું એ રહેશે કે પસંદગીના એકડાની રમતમાં સુરત શહેરના 11 ઉમેદવારો પૈકી કોણ જીતશે?

### ફરીથી સુરત કોર્ટ કેમ્પસમાં ચૂંટણીનો માહોલ

ઠેર ઠેર ઉમેદવારોનાં બેનરો લાગ્યાસુરતઃ સુરત કોર્ટ બિલ્ડિંગમાં ફરીથી ચૂંટણીનો માહોલ સર્જાયો હતો. ઠેર ઠેર ઉમેદવારોનાં બેનરથી કોર્ટ કેમ્પસ ઉભરાઈ ગયું છે. આવતીકાલે બીસીજી ચુંટણીનાં મતદાન માટે ઉમેદવારોએ ટેબલો ગોઠવી દીધા છે. મંડપ તાણી દેવાયા છે. સુરત ના ઉમેદવારો પોતાની તરફેણમાં પ્રથમ પસંદગી નું મતદાન કરાવવા માટે છેલ્લી ઘડી નો પ્રચાર કરી રહ્યા છે.

### પોર્ટુગલના બોગસ...

તપાસ દરમિયાન આ કૌભાંડ સાથે સંકળાયેલા અન્ય લોકો વિશે પણ મહત્વપૂર્ણ માહિતી મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.